Seat No. : _______________

# LH-114

**April-2014**

**B.A. (Sem.-VI)**

**CC – 315 : Gujarati**

**EA : કૃતિ - ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

**સૂચના :** (1) **દરેક** પ્રશ્નના ગુણ સરખા છે.

(2) પ્રૂફ રીડિંગનું પૃષ્ઠ ઉત્તરવહી સાથે જોડવું.

1. ટૂંકીવાર્તાના સાહિત્ય સ્વરૂપની લાક્ષણિકતાઓ વર્ણવી, વાર્તાકાર એન્તન ચેખોવની લાક્ષણિકતાઓનો પરિચય 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ'ના સંદર્ભે કરાવો. **14**

**અથવા**

ગુજરાતીમાં ટૂંકીવાર્તાના સાહિત્ય સ્વરૂપનો ઉદ્ભવ વર્ણવી સ્વાતંત્ર્યોત્તરકાળમાં ટૂંકીવાર્તાની વિકાસયાત્રામાં આવેલા મહત્ત્વના વળાંકોનો પરિચય કરાવો.

2. 'જીવનની અધમતાઓ વચ્ચે ઉચ્ચ સંસ્કારને નીતિમત્તા દાખવતાં પાત્રો ચેખોવની વાર્તાઓમાં જોવા મળે છે.' – આ વિધાનને સંદર્ભે 'શ્રેષ્ઠ વાર્તાઓ'ની પાત્રસૃષ્ટિનો પરિચય કરાવો. **14**

**અથવા**

'જિંદગી એક કરૂણ સકંજો છે…અને એમાંથી છૂટવાનો કોઈ ઉપાય નથી…' – આ વિધાનને સંદર્ભે 'વોર્ડ નં.-6' ટૂંકીવાર્તાની રસલક્ષી સમીક્ષા કરો.

3. કોઈપણ **બે** વિશે વિવેચનાત્મક નોંધ લખો : **14**

(1) 'વાન્કા' ટૂંકીવાર્તાની રસલક્ષી સમીક્ષા

(2) 'કાચંડો' – શીર્ષકની યથાર્થતા

(3) 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ'માં મનોવૈજ્ઞાનિક અભિગમ

(4) 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ'માં સમાજદર્શન

4. નીચેના પ્રશ્નોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો : **14**

(1) વાર્તાકાર એન્તન ચેખોવનો જન્મ કયા વર્ષે થયો હતો ?

(a) 1875 (b) 1860 (c) 1901

(2) એન્તન ચેખોવના પિતાનો વ્યવસાય કયો હતો ?

(a) વેપારી (b) દાક્તરી (c) વકીલાત

(3) ટૂંકીવાર્તા ઉપરાંત કયા સાહિત્ય સ્વરૂપે ચેખોવને પ્રસિદ્ધિ અપાવી ?

(a) કવિતા (b) નાટક (c) નવલકથા

(4) 'થ્રી સીસ્ટર્સ'નું સાહિત્ય સ્વરૂપ કયું છે ?

(a) ટૂંકીવાર્તા (b) કવિતા (c) નાટક

(5) એન્તન ચેખોવે મિત્રો સાથે મળી કઈ નાટ્ય સંસ્થાની સ્થાપના કરી ?

(a) સોવિયેટ ડ્રીમ (b) મોસ્કો આર્ટ થિયેટર (c) ઓલ્ગા થિયેટર

(6) એન્તન ચેખોવે કઈ અભિનેત્રી સાથે લગ્ન કર્યા હતાં ?

(a) ઈલિના ક્રુઝ (b) ઓલ્ગા (c) મિશેલ

(7) શાળા કક્ષાના અભ્યાસ પછી ચેખોવે કયા ક્ષેત્રે અભ્યાસ કર્યો ?

(a) શિક્ષણ (b) દાક્તરી (c) વકીલાત

(8) એન્તન ચેખોવનું અવસાન કયા વર્ષે થયું ?

(a) 1904 (b) 1910 (c) 1903

(9) ચેખોવની વાર્તા 'વોર્ડ નં.6' ના નાયકનું નામ શું છે ?

(a) ઈવાન (b) વાન્કા (c) રાગીન

(10) 'ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓ'માં કારીગર વર્ગની બેહાલીને રજુ કરતી વાર્તાનું નામ જણાવો.

(a) અફસોસ (b) ઈસ્ટરની રાતે (c) મીઠડી

(11) ચેખોવની શ્રેષ્ઠ વાર્તાઓના સંપાદક ________ છે. (સરોજ પાઠક, જયંત પાઠક, સુરેશ જોષી)

(12) 'ઈસ્ટરની રાતે' માં _______ નદીનું વર્ણન છે. (વોલ્ગા, ગોત્વા, મોસ્કો)

(13) એક સાદી સીધી પ્રેમાળ સ્ત્રીની મનોદશાનું આલેખન ________ વાર્તામાં છે. (સુખ, મીઠડી, કૂતરાવાળી સ્ત્રી)

(14) ચેખોવ ________ રોગનો ભોગ બન્યા. (ક્ષય, કોલેરા, કેન્સર)

5. ફક્ત અંધવિદ્યાર્થીઓ માટે (કોઈપણ **બે**) **14**

(1) પ્રૂફ રીડિંગનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

(2) પ્રૂફ રીડિંગમાં કમ્પ્યુટરની ઉપયોગિતા.

(3) આદર્શ પ્રૂફ રીડરના લક્ષણો.

5. મૂળ પરિચ્છેદનો આધાર લઈ ભૂલોવાળા પરિચ્છેદનું પ્રૂફ રીડિંગ કરો. પ્રૂફ રીડિંગ કરેલ પરિચ્છેદવાળું પૃષ્ઠ તમારી ઉત્તરવહી સાથે જોડો. **14**

**મૂળ પરિચ્છેદ**

નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાંઠે રહીએ એટલે દુષ્કાળની બીક તો રહે જ નહિ. મેઘરાજા દગો દે, ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીને કાંઠે ફરવા જઈએ એટલે કુદરતના માતૃવાત્સલ્યના અખંડ પ્રવાહનું દર્શન થાય. નદી મોટી હોય એનો પ્રવાહ ધીરગંભીર હોય ત્યારે કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય, સાચે જ નદી જન સમાજની માતા છે. શહેરમાં આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય, ત્યારે આપણને કેટલો આનંદ થાય ? શહેરનું મેલું વાતાવરણ ક્યાં ? અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં ? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી. પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવ છે.

- કેન્દ્ર : _______________
- પરીક્ષાર્થીનો બેઠક નં. ________
- નિરીક્ષકની સહી : _______________
- તારીખ ________

**ભૂલવાળો પરિચ્છેદ**

- 14 - ભૂલોનું પ્રૂફ રીડિંગ કરી ઉત્તરવહી સાથે જોડો.

નાડી ણે જો કોઈ ઊપ માં છાજે તો તે મા તાજીની છે. નદીને કાન્તે રહીએ એટલે દુસ્કાલની બીક તો હે જ નહિ.મેઘરાજા દગો દે ત્યારે નદી મા તા આ પાનો પાક પકવે. નદીને કાંઠે ફર વ જઈ એ  એટલે માતૃવાત્સલ્ય ના કૂદરતના અ ખંડ પ્રવાસનું દર્શ થાથાય. નદી મોટી હોય એનો પ્વાહ ધીરગંભીર હોય ત્યારે કાંઠા પર રહેનાર લોકોની જાહોજ લાલી નદીનેજ આ ભરી હોય, સચ જ નદી જ જગ્સંસારની માતા છે. શેરમાં આ પ ણે ફરતા હોઈએ અને એકાદ કુણા તરફથી નદીનું દરસન થાય ત્યારે આપણણે કેટલો આ નંદ તા ય ? સહેરનું મે લું વાતા વરણ ક્યાંય ? અને નડી નું પ્રસન્ન દરસન ક્યાં ? તરત જ ફેર જણાઈ આવે છે. નદી ઈશ્વર નથી, પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવતા છે.

---

Seat No. : _______________

# LH-114

**April-2014**

**B.A. Sem.-VI**

**CC-315 : Gujarati**

**EB : સાહિત્ય સ્વરૂપનો અભ્યાસ**

**(સત્યના પ્રયોગો - ગાંધીજી)**

**Time : 3 Hours]** **[Max. Marks : 70**

1. આત્મકથાનું સાહિત્ય સ્વરૂપ સમજાવી આત્મકથા સ્વરૂપનાં વ્યાવર્તક લક્ષણો ચર્ચો. **14**

**અથવા**

ગુજરાતી આત્મકથા સ્વરૂપના મુખ્ય સર્જકો અને તેમની કૃતિઓનો પરિચય કરાવો.

2. 'સત્યના પ્રયોગો'માં નિરૂપાયેલા પ્રસંગોને આધારે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, સાદગી અને પ્રામાણિકતા જેવાં ગાંધી મૂલ્યોની ચર્ચા કરો. **14**

**અથવા**

'સત્યના પ્રયોગો' ગાંધીજીના આત્માની પ્રવાસકથા છે. ચર્ચો.

3. ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) **14**
   (અ) ગાંધીજીનું બાળ ઘડતર
   (બ) દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનાં રંગભેદના અનુભવો
   (ક) ગાંધીજી અને અહિંસા
   (ડ) 'સત્યના પ્રયોગો' શીર્ષકની યથાર્થતા.

4. (અ) જોડકાં જોડો : **7**

| **અ** | **બ** |
|---|---|
| (1) અમૃતા પ્રીતમ | (i) સ્મરણયાત્રા |
| (2) નર્મદ | (ii) ગઠરિયાં |
| (3) કાકાસાહેબ કાલેલકર | (iii) ચ્યૂઈંગગમ |
| (4) કનૈયાલાલ મુનશી | (iv) મારી હકીકત |
| (5) ચંદ્રવદન મહેતા | (v) આત્મકથાના ટુકડા |
| (6) ફાધર વાલેસ | (vi) રેવન્યૂ સ્ટેમ્પ |
| (7) નવનિધ શુક્લ | (vii) સ્વપ્નસિદ્ધિની શોધમાં |

(બ) ખાલી જગ્યા પૂરો : 7

(1) ગાંધીજીનાં માતાનું નામ ________ હતું.

(2) ________ એ ડરપોક બાળમોહનને રામનામનો અભય મંત્ર આપ્યો.

(3) રસ્કિનના ________ પુસ્તકની ગાંધીજી પર જાદુઈ અસર થઈ.

(4) 1904માં ગાંધીજીએ દ. આફ્રિકામાં ________ સાપ્તાહિક શરૂ કર્યું.

(5) પાંચ વર્ષની મજૂરી કરવા જે ગરીબ હિંદીઓ નાતાલ જતા તે _______ કહેવાતા.

(6) _______ એ ગાંધીજીને હિંદ પરત ફરવાનું કહેણ મોકલ્યું.

(7) ગાંધીજીએ અમદાવાદ પાસે _______ ગામે આશ્રમ સ્થાપ્યો.

5. (માત્ર અંધ વિદ્યાર્થીઓ માટે) ટૂંકનોંધ લખો : (કોઈપણ **બે**) 14

(1) પ્રૂફ રીડિંગની વિવિધ સંજ્ઞાઓ

(2) ગુજરાતી છાપખાનાનો ઉદ્ભવ

(3) કોમ્પ્યુટરરાઈઝ્ડ પ્રૂફ રીડિંગની ઉપયોગિતા

(4) પ્રૂફ રીડરના આવશ્યક ગુણો

5. મૂળ પરિચ્છેદને આધારે ભૂલોવાળા પરિચ્છેદનું પ્રૂફ રીડિંગ કરો. **14**

## મૂળ પરિચ્છેદ

બન્યું એવું કે એક વિમાન આકાશમાં ઊડી રહ્યું હતું. વિમાનમાં રહેલા મુસાફરો ઍર હૉસ્ટૅસ પાસે વારંવાર કશુંક મંગાવ્યા જ કરતા અને એ હવાપરી દોડાદોડ કરીને બધાનાં મન અને જરૂરિયાત સાચવતી હતી. આ જોઈને એક વૃદ્ધ મહિલાને એ દીકરીની દયા આવી અને તેઓએ તે દીકરીને કહ્યું કે 'બહેન, તું બહુ દોડાદોડ કરે છે. થાકી ગઈ હોઈશ. તું કહે તો તારા વતી હું દરેક લોકોને તેની જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડું ?' આ કરુણા કહેવાય અને હા, એ વૃદ્ધ મહિલા કોણ હતાં એ જાણવાની ઉત્કંઠા તમને જાગી જ હશે. તેથી જણાવી દઉં કે એ મધર ટેરેસા હતાં. સાધુ પાસે સ્નેહભરી આંખ ન હોય, મધુર વાણી ન હોય, અભિવ્યક્તિમાં નમ્રતા ન હોય અને મનમાં દયાની લાગણી ન હોય તો તે વ્યક્તિને સાધુ કહેવાનું મન ન થાય.

યુનિવર્સિટી સીટ નં. ________

પ્રૂફ રીડિંગની નિશાનીઓ દર્શાવીને મૂળ પરિચ્છેદને આધારે પ્રૂફ રીડિંગ કરીને આ પેજ તમારી ઉત્તરવહી સાથે જોડો. (ગમે તે **ચૌદ (14)** ભૂલો સુધારવી આવશ્યક છે.)

## ભૂલવાળો પરિચ્છેદ

બન્યું એવુંકે એક વીમાન આકાશ માં ઉડી રહ્યુ હ તુ વિમાનમાં રહેલા મુસાફરો એકર હૉસ્ટે સ પાસે વારંવાર કશુંક મગાવ્યાજ કરતા અને એ હવાપરી દોડાદોડ કરી ને બધાના મન અને જરૂરિયાત સાચવ તી હતી. આ જોઈને એક વૃદ્ધ મહીલાને એ દિકરીની દયા આવી અને તેઓએ તે દીકરીને કહયુંકે બહેન તું બહું દોડાદોડ કરે છે, થાકી ગઈ હોઈશ, તું કહે તો તારા વતી હું દરેક લોકોને તેમની જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડું. આ કરુણા કહેવાય અને હા એ વૃદ્ધ મહીલા કોણ હતા એ જાણવાની ઉત્કંઠા તમને જાગી જ હશે. તેથી જણાવી દઉ કે એ મધર ટેરેસા હતા. સાધુ પાસે સ્નેહ ભરી આંખ ન હોય, મધુર વાણી ન હોય, અભિવ્યક્તીમાં નમ્રતા ન હોય અને મનમાંદયા ની લાગણી ન હોય તો તે વ્યક્તિને સાધુ કહેવાનુ મન ન થાય